પ્રા.પુજાબેન એન.થાનકી
ગુરૂકુળ મહિલ[redacted] આટર્સ એન્ડ કોમર્સ કોલેજપોરબંદર

Ty. B.Com સેમેસ્ટર-૬

વિષય : માનસંશાધન સંચાલન

---

Q. 1 તાલીમના વિવીધ પ્રકારો જણાવી ઔધોગિક માનવશાસ્ત્રના હેતુઓ સમજાવી ઔધોગિક સંબંધોનું મહત્વ સમજાવો.

➢ પ્રસ્તાવના :

તાલીમ એટલે અમુક પ્રકારની કળા , ધંધો કે વ્યવસાયલક્ષી માર્ગદર્શન તાલીમ એ વિવિધ પ્રકારે આપવામાં આવતી ધંધાકીય જાણકારી કે કામ કરવા માટેની નકકી કરેલી પધ્ધતી દ્વારા વ્યકિતને શીખવવામાં આવે છે. જેના આધારે વ્યકિત કામ કરે છે. ઔધોગિક માનસશાસ્ત્રએ માનવીના મનનો અને તેની વર્તણૂંક પાછળના કારણોનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે.

ઔધોગિક માનસશાસ્ત્રના વિવિધ હેતુઓ રહેલા છે. જેનો અભ્યાસ આપણે નીચે મુજબ કરીશું ઔધોગિક સંબંધો એટલે ઔધોગિક કક્ષાએ વ્યકિતઓ વચ્ચે સુમેળભર્યા સંબંધો પ્રસ્થાપિત કરવા આ સંબંધો જો સારા હોય તો તે ખૂબ સારૂ પરિણામ લાવી શકે છે. તેનું મહત્વનો ખ્યાલ આપણે નીચે મુજબ જોઇશું.

➢ તાલીમના વિવિધ પ્રકારો :

(૧) હેતુના દ્રષ્ટિકોણથી તાલીમના પ્રકારો :

(૧) પ્રાંરભિક તાલીમ :

કોઇ એકમના કર્મચારી નવેસરથી પ્રવેશ કરે ત્યરે તેને શરૂઆતની જે તાલીમ આપવામાં આવે છે. તેને પ્રાંરભિક તાલીમ કહેવામાં આવે છે. તેનો હેતુ કર્મચારીને કામ પ્રત્યેની માહિતી આપવી તે છે. જેના લીધે ઉત્પાદકતામાં વધારો થાય છે.

(૨) કાર્યતાલીમ :

કર્મચારીને જે કાર્યો સોંપવામાં આવેલા હોય તે કાર્ય અંગેની જે તાલીમ આપવામાં આવે છે. તેને કાર્યતાલીમ કહેવામાં આવે છે. જેને લીધે સમય અને શકિતનો બગાડ અટકાવી શકાય છે.

(૩) બઢતીથી તાલીમ :

કર્મચારીને જયારે બઢતી મળે છે ત્યારે તેને નવા એકમ વિશેની તેની જવાબદારી અને કાર્યો અંગેની જે તાલીમ આપવામાં આવે છે તેને બઢતીગત તાલીમ કહેવામાં આવે છે.

(૪) રિફ્રેશનર તાલીમ :

નવી ટેકનોલોજીને લીધે તાલીમમાં ઘણું પરિવર્તન આવેલું છે. તેથી તેની સાથે તાલી મિલાવવા માટે નવી પધ્ધતી કે ટેકનિક અંગેની જે જાણકારી પુરી પાડવામાં આવે તેને રિફ્રેશન તાલીમ કહેવામાં આવે છે.

- **વ્યકિતના દ્રષ્ટિકોણથી તાલીમના પ્રકારો :**

**(૧) કામદારોને તાલીમ પધ્ધતી :**

**ઉત્પાદનમાં વધારો કરવા માટે કામદારોને તાલીમ આપવી ખૂબ અગત્યની છે. અભણ અને નિરક્ષર કામદારોને તાલીમ આપવી ખૂબ જરૂરી છે. જેને આધારે નિશ્ચિત લક્ષ્યાંકોની પ્રાપ્તી કરી શકાય છે.**

**(૨) સુપરવાઇઝરોને તાલીમ :**

**સુપરવાઇઝરો અને નિરિક્ષકોને પોતાના હાથ હેઠળના કર્મચારીઓ પાસેથી કામ લેવાનું હોવાથી તે વિશેની આવડત હોવી જરૂરી છે. ફકત ટેકનિકલ જ્ઞાન પૂરતું નથી. તેની સાથે મનોવૈજ્ઞાનિક અભ્યાસ હોવો પણ ખૂબ જરૂરી છે.**

**(૩) ઉચ્ચ સંચાલન અધિકારીઓને તાલીમ :**

**તાલીમ આપ્યા વિના સફળ સંચાલકો બનાવી શકાતા નથી કેમ કે સંચાલનનું ઉચ્ચ સ્તરનું કામ ઉચ્ચ સંચાલકોનો સોંપવામાં આવતું હોવાથી દરેક પરિસ્થિતીમાંથી પસાર થવા માટે તેમને તાલીમ આપવી ખૂબ અગત્યની છે. તે માટેની બાબતો નીચે મુજબ છે. (૧) વહીવટી જ્ઞાન : ઉચ્ચ કક્ષાનું વહીવટી જ્ઞાન હોવું જરૂરી છે. (૨) ટેકનિકલ જ્ઞાન : વિવિધ કાર્યોને લગતું ટેકનિકલ જ્ઞાન પણ હોવું આવશ્યક છે. (૩) આર્થિક બાબતોનું જ્ઞાન : નીતી વિષય નિર્ણયો લેવાના હોય ત્યારે આર્થિક બાબતોનું જ્ઞાન ખૂબ (૪) કામ લેવાની કળા : યંત્રો પાસેથી કામ મેળવવા માટે પણ તાલીમ ઉપયોગી છીે. તેમ માનવ માટે પણ તાલીમ જરૂરી છે.**

- **ઔધોગિક માનસશાસ્ત્રોના હેતુઓ :**

(૧) ઔધોગિક શાંતિ અને સંવાદિતોની જાળવણી કરવીએ મુખ્ય હેતુ છે. ત્યારબાદ કાર્યક્ષમતાના વંધે તેને ગૌણ હેતુ કરી શકાય.

(૨) શારીરિક અને માનસિક શકિતનો દુર્વ્યય અટકાવી થાક તથા અકસ્માતો જેવી પરિસ્થિતીનું નવરણ કરવું.

(૩) જે વ્યિકતની કાર્ય કરવાની ક્ષમતા જેવી હોય તે મુજબ કામની સોપણી કરવી જોઇએ. તેને રસ હોય તેવું કાર્ય સોંપવું જેથી કંટાળો કે થાક દુર કરી શકાય.

(૪) મજુર અને માલિકો વચ્ચે સુમેળભર્યા સંબંધોની સ્થાપના ખૂબ જરૂરી છે. એકમ પ્રત્યેની મજુરોની વફાદારી અને સંચાલકોનું મજુરો પ્રત્યેનું સારુ વલણ સોનામાં સુગંધ ભેળવી આપે છે.

(૫) આમ , હેતુઓના અભ્યાસ દ્રારા મજુરોનો કાર્ય પ્રત્યેનો ઉત્સાહ જાળવી શકાય છે અને પરિણામે ઉત્પાદકતાના ઉંચા ધોરણો કોઇપણ કષ્ટ વિના જાળવી શકાય છે. આમ , હેતુની સ્પષ્ટતા દ્રારા કામદારોની કાર્ય પ્રત્યેની આત્મીયતા અને સાનુકુળ વલણ ઉભા કરી તેમને કાર્યક્ષમ બનાવી શકાય છે.

➢ ઔધોગિક સંબંધોનું મહત્વ :

- ઔધોગિક સંબંધો ઔધોગિક જગતમાં ચારેબાજુ ફેલાયેલા છે. જેના દ્રારા ઝડપી ઉત્પાદન શકય બને છે.
- ઉધોગએ ફકત યંત્રો કે કાચો માલ કે નાણાનું જ સંયુકત પરિણામ નથી તેમાં ઔધોગિક સંબંધોના પ્રાણની ખૂબ આવશ્યકતા રહેલી છે.
- કામદારો, માલિકો અને સરકાર રૂપી ત્રિવેણી સંગમમાંથી ઔધોગિક સંબંધોનો જન્મ થાય છે.
- ઔધોગિક સંબંધોનો મુખ્ય હેતુ માલીકો અને કામદારો વચ્ચે સુમેળભર્યા સંબંધો સ્થાપવાનો છે.
- કર્મચારીઓ પણ માલિકોની જેમ માનવ જ છે જેથી તેઓને માનવ અધિકારથી વંચિત રાખી શકાય નહી તેમના ગોરવની જાળવણી થાય તે માટે ઔધોગિક સંબંધો ખૂબ મહત્વના છે.
- કામદારો અને સંચાલકોને વધારે નજીક લાવવા તેમજ ઉત્પાદકતા વધારવા માટે ઔધોગિક સંબંધો ખૂબ મહત્વા ધરાવે છે.
- ઉત્પાદકતા વધારવા ઔધોગિક સંબંધ તેમજ માનવ સબંધ અભિગમ પણ અત્યંત મહત્વનું પરિબળ છે.
- શહેરીકરણ, મજુરદળ વધતું જતું કદ રાજકીય રંગોથી રંગાતા કામદાર સંગઠનો પરિગ્રહથી પીડાતા સંચાલકોએ ઔધોગિક સંબંધોનું મહત્વ વધારે છે.

➢ **ઉપસંહાર** :

ઉપર જોયેલી બધી બાબતોને આધારે તાલીમનના વિવિધ પ્રકારો વિશે માહિતી મેળવ્યા બાદ આપણો ઔધોગિક માનસશાસ્ત્રના હેતુઓ કેટલે અંશે શાંતિ અને સંવાદિતાની

જાળવણી કરે છે તે જોયું ત્યારબાદ આપણે ઔધોગિક સંબંધો કેટલું મહત્વનું સ્થાન ધરાવે છે તેની જાણકારી મેળવી.

**તાલીમના પ્રકારોની ચાર્ટ સ્વરૂપે સમજૂતી**

(૧) હેતુના દ્રષ્ટિકોણથી તાલીમના પ્રકારો

- પ્રારંભિક તાલીમ
- કાર્યતાલીમ
- બઢતીગત તાલીમ
- રિફ્રેશર તાલીમ

(૨) વ્યકિતના દ્રષ્ટિકોણથી તાલીમના પ્રકારો

- કામદારોને તાલીમ
- સુપરવાઇઝરોને તાલીમ
- ઉચ્ચ સંચાલન અધિકારીઓને તાલીમ

Q. 2 ઔધોગિક ઝધડાની અસરો વર્ણવો તેમજ મજુરસંઘ પ્રવૃતિના ધીમા વિકાસના કારણો સમજાવી સામાજીક સલામતિના પ્રકારો કે માર્ગો જણાવો.

➢ **પ્રસ્તાવના :**

ઔધોગિક ઝધડો એટલે માલિક અને મજુર વચ્ચે થતો સંઘર્ષને આપણે ઔધોગિક ઝધડો કહીએ છીએ. આ ઔધોગિક ઝધડાની વિવિધ વ્યકિતઓ ઉપર અસર થાય છે. જે આપણે ઔધોગિક ઝધડાની અસરમાં જોઇશું ત્યારબાદ આપણે મજુરસંઘ પ્રવૃતિમાં ધીમા વિકાસના કારણો વિશે અભ્યાસ કરીશું જેમાં કયા કારણો જવાબદાર છે. મજુરસંઘ પ્રવૃતિના ધીમા વિકાસના જે આપણે નીચે મુજબ જોઇશું.

અંતમાં આપણે સામાજિક સલામતિના પ્રકારો કે માર્ગો વિશે અભ્યાસ કરીશું જેમાં સરકાર દ્વારા આપવામાં આવતા વિવિધ લાભ અંગે ચર્ચા કરીશું.

➢ **ઔધોગિક ઝધડાની અસરો**

**ઔધોગિક ઝધડાની અસરો**

- મજુરો પર થતી અસર
- માલીકો પર થતી અસર
- ગ્રાહકો પર થતી અસર
- સમાજ પર થતી અસર
- રાષ્ટ્ર પર થતી અસર

(૧) મજુરો પર થતી અસર :

આ ઝધડાની મજુરો પર ઘણી વિપરીત અસર જોવા મળે છે. મજુરો શરૂઆત જ ગરીબ પરિસ્થિતીમાં જીવતા હોય છે. વળી હડતાળને લીધે તેની રોજીરોટી ન મળતા ઘરનું ભરણપોષણ કરવું ખૂબ મુશ્કેલ બની જાય છે. પરિણામ રૂપે તે દારૂ

જુગાર કે બીજી નશાખોરી પ્રવૃતિ તરફ ધકેલાય છે અને તેની આર્થિક સામાજિક કે શારીરિક દ્રષ્ટિએ ભયંકર પાયમાલી સર્જાય છે.

(૨) માલિકો પર થતી અસર :

આ ઝઘડાની અસરથી માલિકો પણ વંચિત રહેતા નથી. હડતાળ કે તાળાબંધી ને લીધે ઉત્પાદન થતું અટકી જાય છે. પરિણામે કાચા માલ અંગેનું તેમજ સમયસર કામ ન થતાં હરીફાઇના બજારમાં ટકવું મુશ્કેલ બની જાય છે.

(૩) ગ્રાહકો પર થતી અસર :

ગ્રાહકો પણ આ ઝઘડાનો ભોગ બને છે. હડતાળ કે તાળાબંધીને લીધે બજારમાં માલની અછત વરતાય પરિણામે ગ્રાહકને વધારે ભાવ દઇને વસ્તુ ખરીદવી પડે છે. અને વળી જે નુકશાન થાય તેને લીધે ભાવવધારાની પરિસ્થિતી પણ ગ્રાહકે જ સહન કરવી પડે છે.

(૪) સમાજ પર થતી અસર :

ઔધોગિક ઝઘડાની અસરથી સમાજ પણ બચી શકતો નથી. ઉત્પાદન રોકાઇ જવાથી ચીજવસ્તુની અછત વરતાય છે. વિવિધ સેવાઓ જેવી કે વાહનવ્યવહાર , વીજળી વિગેરે સેવાઓ બંધ થઇ જવાથી સમાજજીવન વિખેરાઇ જાય છે.

(૫) રાષ્ટ્ર પર થતી અસર :

આ ઝઘડાના લીધે સર્જતી તાળાબંધી ને લીધે ઉધોગોમાં ઉત્પાદન બંધ થતાં રાષ્ટ્રીય આવકમાં ઘટાડો જોવા મળે છે. તેથી રાષ્ટ્રીય આવકમાં ઘટાડો જોવા મળે છે. તેથી જીવનધોરણ નીચું જાય છે. વળી હિંસાત્મક રૂપ એ ઔધોગિક ઝઘડામાં ઉભુ થાય તો તે રાષ્ટ્રીય સંપતિનો વિનાશ નોતરે છે.

- **મજૂરસંઘ પ્રવૃતિના ધીમા વિકાસના કારણો :**

**(૧) મજૂરોનું અજ્ઞાન નિરક્ષરકતા**

**(૨) મજૂરોની ગરીબાઇ**

**(૩) મજૂરોની વિભિન્નતા**

**(૪) મજૂરોનું સ્થળાંતર ગામાભિમુકતા**

**(૫) રૂઢિચુસ્તતા**

**(૬) માલિકોનું વિરોધી વલણ**

**(૧) મજૂરોનું અજ્ઞાન નિરક્ષરતા** :

મજૂરો નિરક્ષર રહેવાથી તે સહી પણ કરી શકતા નથી કે અંગૂઠાનું નિશાન જ મૂકે છે. પરિણામે લખાણ ખોટા કરી તેને છેતરી જવામાં આવે છે. વળી માલિક , દ્વારા પણ તેનું શોષણ જ કરવામાં આવે છે.

**(૨) મજૂરોની ગરીબાઇ** :

વેતનના ખૂબ નીચા દરને લીધે હંમેશા મજુરો દયનીય પરિસ્થિતીમાં જ રહે છે. તેને એક સાંધો ત્યાં તેર તૂટે ની પરિસ્થિતીમાં જ જીવવું પડે છે. પરિણામે તે બુરી લતોમાં ગળાડુબ રહે છે. જેને લીધે તેને લાભદાયીસ થાય તેવી પ્રવૃતિ હાથ ધરી શકાતી નથી.

**(૩) મજૂરોની વિભિન્નતા** :

ભારત જેવા વિશાળ દેશમાં આ વિભિન્નતા રહેવાની જ છે. ભારતએ મિશ્ર જાતિના લોકોનો દેશ છે. તેથી પ્રાંત મુજબ અને ભાષા મુજબ વિભિન્નતા રહેવાની જ છે. આવી વિભિન્નતા ને લીધે કોમવાદ , જ્ઞાતિવાદ, પ્રાંતવાદ જેવા દૂષણો હાવી બની જાય છે. જેનો લાભ માલિકો બહુ ઉઠાવે છે.

**(૪) મજૂરોનું સ્થળાંતર ગ્રામભિમુકતા** :

રોજગારીની તકોમાં વધારો કરવાના હેતુથી મજુર સ્થળાંતર કરે છે. સ્થિર મજુર વર્ગ પર મજુરસંઘની પ્રવૃતિના વિકાસનો આધાર રહેલો છે. પણ તેમની દ્રષ્ટિ હંમેશા ગ્રામભિમુખ પર રહે છે. પરિણામે મજૂરસંઘની પ્રવૃતિ ધીમી પડી જાય છે.

**(૫) રૂઢિચુસ્તતા** :

ઘણા લોકો હજુ રૂઢિચુસ્ત વળણ મુજબ જ કામ કરે છે. પરિણામે તે મજૂરસંઘ પ્રવૃતિમાં ભાગ લઇ શકતા નથી અને મજૂરસંઘ પ્રવૃતિ એટલે અંશે રૂધાઇ જાય છે.

**(૬) માલિકોનું વિરોધી વલણ** :

માલિકોને મન મજૂરોનું કોઇ પણ અસ્તિત્વ નથી તે મજુરને માનવ કરતા યંત્ર વધારે સમજે છે. પરિણામે માલિક સામ , દામ, દંડ ભેદની નિતી દ્વારા વિરોધી વલણ અપનાવે છે અને મજૂરસંઘને તોડવાના શકય તેટલા પ્રયાસો કરે છે.

- **સામાજિક સલામતિના પ્રકારો કે માર્ગો** :

(૧) સરકાર દ્વારા સામાજિક રાહત

(૨) સામાજિક સંસ્થા મજૂર મંડળો દ્વારા કાયદા દ્વારા સામાજિક સલામતિ

(૩) સામાજિક વિમો

(૪) વેપ્ારી ધોરણે વિમો

(૧) સરકાર દ્વારા સામાજિક રાહત :

સરકાર કામદારોને વિવિધ તબીબી મદદ, પેન્શન, ફેમિલી પેન્શન, માતૃત્વના ભથ્થા, અકસ્માત વળતર, વગેરે લાભો પુરા પાડે છે. જે એક સામાજિક રાહત જ છે. વર્તમાન કામદારો દવા કે પરોપકાર દ્વારા મળતી મદદનો સ્વીકાર કરવા તૈયાર નથી.

(૨) સામાજિક સંસ્થા મજૂર મંડળો દ્વારા કાયદા દ્વારા સામાજિક સલામતિ :

સરકાર વિવિધ કાયદાઓ ધડીને મજુર જીવનમાં રહેલી જોખમની શકયતાઓ ધટાડવા પ્રયત્નો કરે છે. કામદાર વળતર ધારો , ૧૯૨૩ ઔધોગિક ઝધડાઓનો કાયદો, ૧૯૪૭, ભારતીય કારખાના ધારો , ૧૯૪૮, લધુતમ વેતન ધારો , ૧૯૪૮, કામદાર રાજય વિમા ધારો , ૧૯૪૮, ગેજયુટી ચુકવણી ધારો , ૧૯૭૨, વગેરે કાયદાઓ કેન્દ્ર રાજય સરકારો પસાર કરેલા છે.

(૩) સામાજિક વીમો :

મજુર, માલિક અને સરકાર આ ત્રણેના ફાળા દ્વારા ઉભા કરેલા ભંડોળમાંથી બેકારી, કે અન્ય પ્રસંગે વીમા યોજના હેઠળ કામદારનું લધુતમ જીવનધોરણ ટકાવી રાખવા માટે મદદ આપવાની વ્યવસ્થાને સામાજિક વીમો કહે છે. આ વિમામાં મજુરનો ફાળો ઓછો તેમજ સરકાર અને માલિકનો ફાળો વધારે હોય છે. આ વિમા હેઠળ મજુરોને બેકારી, માંદગી સ્ત્રીકામદારોને પ્રસૃતિ, વૃધ્ધાવસ્થા, મૃત્યુ જેવા પ્રસંગોએ સારી એવી મદદ આપવામાં આવે છે.

(૪) વેપારી ધોરણે વિમો :

મજુર સ્વૈચ્છિક રીતે પોતાનું અને તેના કુટુંબીજનોનું જીવન નિશ્ચિત બનાવવા માટે પ્રિમિયમ ભરી વિમો લઇ શકે છે. ધણી વિમા કંપનીઓ મજૂરો માટે આવી પોલીસીઓ પુરી પાડે છે.

**ઉપસંહાર :**

ઔધોગિક ઝધડાની વિવિધ વ્યકિતઓ વચ્ચે ઉદભવતી અસરો મજુરો , ગ્રાહકો, માલિકો, સમાજ પર તેમજ રાષ્ટ્ર પર તેની વધારે અસર જોવા મળે છે. ત્યારબાદ આપણે મજૂરસંઘ પ્રવૃતિ કેવા કારણોસર ધીમી ચાલે છે. તે જોયુ અને અંતમાં સામાજિક સલામતિના વિવીધ માર્ગો અંગેની જાણકારી પ્રાપ્ત કરી.